Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિચ્છામિ દુક્કડમ્



મન, વચન
અને
કાયાના યોગથી
સ્વાર્થ અથવા પરમાર્થ
જાણ્યા કે અજાણ્યાંથી
આપનું
હૃદય દુભાયું હોય તો અમે
હાર્દિક ક્ષમા માંગીએ છીએ.



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સંવત ૯૬
વીર સંવત ૨૫૧૮
વીક્રમ સંવત ૨૦૪૮

પુસ્તક : ૮૯ અંક : ૧૧

ભાદરવો-સપ્ટેમ્બર-૧૯૯૨

For Private And Personal Use Only

## અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી પુંડરીકગિરિનું સ્તવન : | — | ૧૧૭ |
| (૨) | કેટલાક પ્રસંગો | સુશીલ | ૧૧૮ |
| (૩) | સાધકને પત્ર | પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૨૧ |
| (૪) | એમો દેદરાણી | ધીરજલાલ ટોકરશી શાહ | ૧૨૩ |
| (૫) | સમાચાર | — | |


# યુનાઇટેડ જૈન સ્ટુડન્ટસ હોમ

વિદ્યાર્થીકાળમાં ગરીબીના કારણે પોતાના પર જે વીતી હતી એવી યાતના બીજા યુવાનોએ સહન ન કરવી પડે એ માટે મહાન વિચારક અને સમાજસેવક વાડીલાલ મોતીલ લ શાહે મુંબઇમાં પ્રીન્સેસ સ્ટ્રીટ ખાતે સ્થાપેલી હોસ્ટેલ યુનાઇટેડ જૈન સ્ટુડન્ટસ હોમે (સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહે) અમૃત મહોત્સવ ઉજવણીના વર્ષમાં ફાળા માટે હાકલ કરી અને થોડાં જ દિવસોમાં રૂપયા તેર લાખથી વધુ રકમ એકઠી થઇ. હજી પણ ઘણી મોટી રકમ એકઠી કરવાની રહે છે

દાતાઓમાં ધનબાદના પ્રતિષ્ઠિત બેંકર શ્રી ચંદ્રકાંતભાઇ હીરજી સંઘવીના સંચાલન હેઠળના ટ્રસ્ટ ધનસુખલાલ હીરજી સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આવેલી ફાળાની રૂપિયા બે લાખની માતબર રકમ નોંધનીય તો છે જ પરંતુ એ સાથેસાથે ટ્રસ્ટની સ્થાપના પાછળની ભાવના પણ પ્રશંસનીય છે.

ભૂદાન ઝુંબેશ વખતે વિનોબા ભાવે જમીનદાર પાસે ભૂદાન માગતી વખતે કહેતા કે તમારે જો બે બે દીકરા હોય તો મને ત્રીજો દીકરો ગણો અને ત્રણ દીકરા હોય તો ચોથો દીકરો ગણો અને મારા ભાગે આવતી જમીનનું દાન કરો. આવી જ વાત શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવીના ભાઇનું અકાળે અવસાન થતાં તેમના પિતાએ શ્રી ચંદ્રકાંતભાઇને કહી અને સદ્ગતભાઇનો હીસ્સો સમાજ-સેવાના કામ માટે વાપરવા અનુરોધ કર્યો. આના પગલે પગલે ધનસુખલાલ હીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ સ્થપાયું.

બીજા મુખ્ય મુખ્ય દાતાઓમાં સંસ્થાના ટ્રસ્ટીઓ સર્વશ્રી સી. યુ શાહ, જે. આર શાહ, દીપચંદભાઈ ગાર્ડી અને સી. એન. સંઘવી તો છે જ આ ઉપરાંત અમદાવાદની ટોરેન્ટો લેબોરેટરી-વાળા શ્રી ઉત્તમભાઈ એન. મહેતા અને શ્રી કાંતિલાલ નારાયણદાસ શાહ પણ છે. બન્નેએ રૂપિયા એક એક લાખનું દાન આપ્યું છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

## : શ્રી પુંડરીકગિરિનું સ્તવન :

આદિજિનં વંદે ગુણસદનં, સદનન્તામલબોધં રે;
બોધકતાગુણવિસ્તૃતકીર્તિં, કીર્તિતપથમવિરોધં રે. આદિ૦ ૧

રોધરહિતવિસ્ફુરદુપયોગં, યોગં દધતમભંગં રે;
ભંગં નયવ્રજપેશલવાચં, વાચંયમસુખસંગં રે. આદિ૦ ૨

સંગતશુચિપદવચનતરંગં, રંગં જગતિ દદાનં રે;
દાનસુરદ્રુમમંજુલહૃદયં, હૃદયંગમગુણભાનં રે. આદિ૦ ૩

ભાનંદિતસુરવરપુન્નાગં, નાગરમાનસહંસં રે;
હંસગતિં પંચમગતિવાસં, વાસવવિહિતાશંસં રે. આદિ૦ ૪

શંસંતં નયવચનમનવમં, નવમંગલદાતારં રે;
તારસ્વરમઘઘનપવમાનં, માનસુભટજેતારં રે. આદિ૦ ૫

( વસંતતિલકા છંદ )

ઇત્થં સ્તુતઃ પ્રથમતીર્થપતિઃ પ્રમોદા-
ચ્છીમદ્યશોવિજયવાચકપુંગવેન;
શ્રીપુંડરીકગિરિરાજવિરાજમાનો,
માનોન્મુખાનિ વિતનોતુ સતાં સુખાનિ. ૬

* *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક પ્રસંગો

## શ્રી આત્મારામજી અને દયાનંદજી

એ બન્ને પુરૂષો સમકાલીન હતા. બન્ને એક યુગના મહારથીઓ હતા. આજે પણ એ બન્ને પુરૂષોની તસવીરો જુઓ તો કેટલુંક સામ્ય જણાઈ આવે.

આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદજીના દેહબળ વિષે કેટલીક વાતો પ્રચાર પામી છે. તેઓ સારા ગણાતા મલ્લ કે કુસ્તીબાજોની સાથે બરાબર ટક્કર ઝીલી શકતા એમ કહેવાય છે. દયાનંદજી પોતે પણ કસરત, અખાડામાં માનતા.

આત્મારામજી મહારાજ કોઇ દિવસ અખાડામાં ન્હોતા ગયા. એમણે દંડ કે બેઠકની તાલીમ ન્હોતી લીધી છતાં શ્રી આત્મારામજી મહારાજ અને સ્વામી દયાનંદજી જો પોતાનાં વસ્ત્રો પરસ્પરમાં બદલાવી નાખે તો કદાચ કોઈને પણ ભ્રાંતિ ઉપજ્યા વિના ન રહે. બન્નેના દેહગઠનમાં એટલું સરખાપણું હતું કે દયાનંદજી આત્મારામજી તરિકે અને આત્મારામજી દયાનંદ તરિકે ઓળખાઈ જાય.

આત્મારામજી મહારાજનાં બળ અને હિંમ્મત સંબંધે એક-બે પ્રસંગ મળે છે:

એક વાર આત્મારામજી મહારાજ, સાથેના આઠ-દશ મુનિઓની સાથે વિંધ્યાચળની અટવીમાંથી પસાર થતા હતા અહીં ધાડપાડુઓ અને લૂંટારાઓ વસે છે શ્રાવકોએ એક-બે ચોકીદારો પણ આપ્યા હતા એક ચોકીદાર આગળ અને એક પાછળ અને મુનિઓ વચગાળે એવો ક્રમ ગોઠવાયો હતો.

થોડે દૂર ગયા પછી આગળ ચાલતા ચોકીદારે, આઠ-દશ લૂટારાઓની એક ટોળી જોઇ, સૌને સાવચેત કર્યા. આત્મારામજી મહારાજે જરા પણ ગભરાયા વિના સૌને આગળ ચાલવાની આજ્ઞા કરી. વધુમાં એમણે મુનિઓના હાથમાંના દાંડા ખભ્ભા ઉપર મૂકવાની ભલામણ કરી.

આ દાંડાના રંગ સૂર્યના તેજમાં બધુંકની જેમ ઝળહળતા હતા. લૂટારાઓ સમજ્યા કે આ કોઇ લશ્કરી ટુકડી આવે છે એટલે એમણે ઉપદ્રવ કરવાનો વિચાર માંડી વાળ્યો. જે રસ્તે આવ્યા હતા તે જ રસ્તે પાછા ચાલ્યા ગયા.

થોડી વાર પછી આત્મારામજી મહારાજે પોતાની સાથેના મુનિઓને કહ્યું: "મિચ્છામિ દુક્કડં'' દઇને જ વાત શરૂ કરૂં."

બધા મુનિ વૃતાંત સાંભળવાને ઉત્સુક થયા. મહારાજજીએ ખુલાસો કર્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"લૂટારાઓ સામે આવે છે એમ જાણ્યા પછી મને જે વિચાર આવેલો તે હું તમને કહી દઉં. ગમે તેમ પણ આપણી ટોળીનો નાયક હું છું. તમારી સહીસલામતી મારે જોવી જ જોઇએ. મારી એ ફરજ છે. હવે જો લૂટારાઓ હુમલો કરે તો, મેં તો નિર્ણય જ કરી રાખ્યો હતો કે આપણી સાથેના ચોકીદારના હાથમાંથી તલવાર લઇ લેવી અને લૂટારાઓને બને તેટલું પહોંચી વળવું; પણ હવે એ બદલ મિચ્છામિ દુક્કડં દઉં છું."

આવે પ્રસંગે એમનું બ્રહ્મક્ષત્રીયનું લોહી ઉકળી આવતું. દેહના સામર્થ્ય સંબંધનું એમનું આત્મભાન જાગૃત થતું.

* * * *

ભાવનગરના વૃદ્ધ પુરૂષો કદાચ એક બીજા પ્રસંગની સાક્ષી પૂરી શકશે.

મહારાજજી બીજા કેટલાક મુનિઓ સાથે દરિયા-કિનારા તરફ સ્થંડિલ ગયા હતા. એક-બે મુનિઓએ દરિયાકાંઠા પાસે એક ગર્દભને મ્હોટા-ભારે લાકડા નીચે દબાતો અને રીબાતો જોયો. લાકડા ખૂબ ભારે હતા. ગર્દભના શરીરને એ લાકડાના ભાર નીચેથી બચાવી લેવાનું બહુ કઠિન હતું. મુનિઓ કોશીશ કરતા હતા એટલામાં આત્મારામજી મહારાજ પણ ત્યાં આવી પહોંચ્યા.

એમણે આ દૃશ્ય જોયું. બે-ત્રણ મુનિઓ સાથે મળીને લાકડા ઠેલતા હતા, પણ તેમાં તેમને સફળતા ન્હોતી મળતી.

"તમે દૂર ખસી જાઓ!" આત્મારામજી મહારાજે જરાયે વિલંબ કર્યા વિના, સાથીઓને આજ્ઞા કરી: "આ તરપણી લઈ લ્યો."

મહારાજજીના હાથમાંથી તરપણી લઈ લેવામાં આવી. તેઓ પેલા લાકડા પાસે પહોંચ્યા. હાથના એક ઝટકાથી તેમણે મોભ જેવડું લાકડું આઘું ખસેડી દીધું. દબાયેલો ગર્દભ ઉઠીને ઊભો થયો.

એ પછી મહારાજજી પણ પોતાના સ્થાન તરફ વળ્યા

* * * *

જોધપુરમાં દયાનંદ સરસ્વતીના વ્યાખ્યાનની, ખંડનની ધૂમ મચી હતી. જૈન દર્શનનું પણ તેઓ ખંડન કરતા.

એ વખતે જોધપુરના દીવાન એક જૈન ગૃહસ્થ હતા. તેમણે દયાનંદજીને કહ્યું: "આત્મારામજી મહારાજ અહીં થોડા દિવસમાં આવી પહોંચશે. એ પણ પંડિત છે. આપ પણ પંડિત છો. આપ બન્ને સાથે બેસીને ચર્ચા કરો તો અમને પણ કેટલુંક જાણવાનું મળે."

સ્વામી દયાનંદે દિવાનજીની એ ભલામણ સ્વીકારી એમણે કહ્યું: "ભલે, ખુશીથી એમને આવવા દો"

આત્મારામજી મહારાજ પગે ચાલીને વિહાર કરતા હોવાથી જોધપુર પહોંચવામાં થોડો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિલંબ થાય એવો સંભવ હતો. જોધપુર પહોંચતા હજી ચાર-પાંચ દિવસ તો સ્હેજે વ્યતીત થઈ જાય.

"હું જરા જયપુર જઈ આવું. ત્યાં સુધીમાં આત્મારામજી પણ આવી જશે અને હું પણ આવી પહોંચીશ." એમ દીવાનજીને કહીને દયાનંદજી જયપુર ગયા.

એ વાતને ચાર-પાંચ દિવસ થઈ ગયા. ઉતાવળે ઉતાવળે વિહાર કરતા આત્મારામજી મહારાજ પણ જોધપુરમાં આવી પહોંચ્યા;

તે જ દિવસે ઇતિહાસમાં એક મ્હોટો અકસ્માત્ બન્યો. જોધપુરમાં આત્મારામજી પહોંચ્યા તે જ દિવસે જયપુરમાં દયાનંદ સરસ્વતી સ્વર્ગવાસ પામ્યા.

કાળબળે એક જ યુગના બે સમર્થ પુરૂષોને ભેગા પણ થવા ન દીધા. કાળને પોતાને જ જાણે કે એ સંમિલન ન્હોતું ગમતું.

એ મહારથીઓ, ભાગ્યયોગે ભેગા મળ્યા હોત તો એનું શું પરિણામ આવત તે કળી શકાતું નથી કદાચ મ્હોટો-યાદગાર શાસ્ત્રાર્થ થયો હોત અથવા તો બન્ને પ્રભાવશાળી પુરૂષોએ અંધ-શ્રદ્ધાળુઓની દુનિયાને કંઈ નવો જ પ્રકાશ આપ્યો હોત: કોણ જાણે શું ફળ ફળત ? *

જીવનનો કલહ છે. જીવન બહેલાવવા,
કલહ વિણ જીવનની ન્હોય પૂર્તિ;
દુ:ખ દર્શન પછી થાય સર્જન સદા,
દુ:ખ છે શક્તિની પરમ મૂર્તિ.

જગતમાં જીવન જે મધુરમાં મધુર છે,
તે અધિક દુ:ખમાં રહે દબાતું;
મિષ્ટમાં મિષ્ટ ફળ વૃક્ષ પર હોય તે,
કીટને પક્ષીનો ભક્ષ થાતું !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * સાધકને પત્ર *

'પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ'

પ્રિય સાધક,

આજે તને એક એવી વાર્તા કહું જેમાંથી જીવનના ઊઘડતા દરવાજાનો અવાજ સંભળાય:

તપાવેલાં તાંબા જેવી ધરતી ધખી રહી હતી. પશુ, પંખી કે માનવી હરકોઇ આ તાપથી બચવા યોગ્ય શરણ શોધી છુપાઇ ગયાં હતાં. સૂર્યનારાયણ જાણે ત્રીજું નેત્ર ખોલીને પૃથ્વી પર આગ વરસાવી રહ્યા હતા.

મગધનાથ શ્રેણિક આ તીવ્ર ઉષ્ણતામાંથી વિશ્રાન્તિ પામવા આજે પરિવાર સહિત આમ્ર-વાટિકામાં બિરાજ્યા હતા.

આંબાવાડી આમ્રફળોથી લચી રહી હતી આમ્રવાટિકા જાણે કે ગ્રીષ્મના પ્રખર તાપથી ત્રસ્તજનો માટે વિશ્રાન્તિનું અદ્ભુત વિરામસ્થાન બની ગઇ હતી.

ધીમેથી ક્યારેક ક્યારેક આવતી હવાની મીઠી લહરથી મગધરાજ પ્રસન્ન થતા હતા. સમીપ રહેલો પરિવાર તેમના ચિત્તને આહ્લાદિત કરતો હતો.

ઊના ને ઊના સળગાવી મૂકે તેવી આ ઋતુમાં, મગધનરેશ તમામ શીતલ ઉપચારો વડે તનને શાતા આપતા હતા. એમનો પ્રતાપી ને ગૌર મુખ પર રેલાતું સ્મિત એમના સંતોષની સાક્ષી સમું હતું.

એ વેળા, ત્યાંથી એક પથિક પસાર થયો. ન જાણે એ ક્યાંકથી મજલ ખેડતો આવતો હશે. ધૂળ અને પસીનાથી એનો દેહ લથબથ હતો. ભૂખ અને તૃષાય તેને પીડતા હતા.

આમ્રવાટિકાની બહાર એ વૃક્ષોની છાયામાં બેઠો. મનોહર વૃક્ષોની શીતલ છાયામાં એના પ્રવાસના શ્રમથી થાકેલા દેહ અને દિલને શાંતિ લાધી. ક્ષણેકવારની મધુર શાંતિએ તેને ત્યાં વધુ વેળા બેસવા રોકયો.

એણે કેરીઓથી ભર્યા ભર્યા આમ્રવૃક્ષો જોયા ને તેનું મન મોહી પડયું. એની ક્ષુધાએ એને આમ્રફળ તોડવા લલચાવ્યો તેણે એક પથ્થર લીધો અને આંબા પર ઝીંકયો!

પણ એ પથ્થર ન વાગ્યો આંબાને અને ન વાગ્યો કેરીને, એ પડયો સીધો મગધરાજ શ્રેણિક-બિંબિસારની પીઠ પર!

'રે! કોણ છે આ નરાધમ?' મગધનાથે સિંહ શી ગર્જના કરી. ચારે બાજુ ખળભળાટ મચી ગયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઝાડ પર પથ્થર પડે તો ફળ આપે અને નરેશને પથ્થર વાગે તો સજા ?

અંગ રક્ષકોએ પેલા પથિકને પકડીને મગધરાજ સમક્ષ ખડો કરી દીધો.

પેલો પથિક તો થરથર ધ્રુજતો હતો. એને થયું હવે ગરદનથી નક્કી મરાયા જ સમજો ! એને પોતાની જાત પર કેરીનો લોભ કરવા બદલ ગુસ્સો ચડતો હતો !

મગધરાજે કહ્યું :

'તેં શું કર્યું છે તે જાણે છે ?'

નરેશના પ્રતાપી અવાજથી પથિક તો પીગળી ગયો. ગરમીથી બરફ ઓગળે તેમ ! એનો ડર હવે આંખનાં આંસુ બનીને નીતર્યો. એણે શ્રેણિકના પગ પકડી માફી માંગતા કહ્યું :

'રાજન ! મેં જાણી જોઈને આ કુકર્મ નથી કર્યું ભૂખના દુઃખે મેં આ આંબા પરથી એકાદ કેરી પામવા તેનાપર પથ્થરનો ઘા કર્યો હતો. એ આશાએ કે મને તે એક કેરી દે ને મારી ક્ષુધા શમે, નાથ ! આ અપરાધ માટે મને ક્ષમા આપો, હું નિર્દોષ છું.'

શ્રેણિકના અંતરમાં તોફાન જાગ્યું. આ મુસાફરના વચનોથી એમના ચિત્તમાં મનની ચિરાગ પેટાઈ.

મગધરાજ ભગવાન મહાવીરના પરમોપાસક હતા. એમના કૃપામય સંસર્ગે એમની જીવન દૃષ્ટિ બદલી નાખી હતી એ અસાર પ્રસંગોમાંથી પણ સાર તત્ત્વ ગ્રહણ કરતા. તેમને મનોમન થયું : 'ઓહ ! આ વૃક્ષ કેવું પરોપકારી દીસે છે ! એને કાપનારને છાયા આપે, પથ્થર મારનારને ફળ ! સંસારમાં નિષ્કામ અને નિસ્વાર્થ ગણાતા માનવો કરતા. આ શીતળ છાયા દેતા વૃક્ષો, જલ વરસાવતો મેઘ, મુસાફરને શીતળ જળ પાઈ તૃપ્ત કરતા સરોવરો સાચા સેવકો છે. રે ! આપણે તેના કરતાયે ઊણા-અધૂરાં ?

— 'આ પથિકે ઝાડને પથ્થર માર્યો. એને એ લાગ્યો હોત તો ફળ પામત અને મને નરેશને લાગ્યો ત્યારે શું સજા પામશે ? ના, ના, તો તો ઇતિહાસ આંસુના અક્ષરે નોંધે કે, મનુષ્યના હૈયામાંથી માનવતા નાશ પામી છે !'

એમણે તત્કાળ પોતાના સેવકને આજ્ઞા કરી:

'ભાંડાગારિક ! આ પથિકને એક શત સોનામહોર આપ અને ભોજન કરાવ.'

પથિક તો અભો જ બની ગયો: એનું ભયાર્ત દિલ આ ખેલદિલીથી ગદ્‌ગદ્‌ બની ગયું.

આ પ્રસંગમાં કેટલો ઊંડો જીવનબોધ છે. નહીં ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખેમો દેદરાણી

(૧)

ચાંપશી મહેતા ચાંપાનેરના નગરશેઠ. સાહુલાખાન ચાંપાનેરનો ઉમરાવ. બંને એક દિવસ સાથે રાજદરબારે જાય. એવામાં રસ્તે મળ્યો ભાટ તેણે નગરશેઠના બહુ વખાણ કર્યા, ને છેવટે કહ્યું: "ભલે શાહ બાદશાહ." આ સાંભળી સાહુલાખાનને બહુ માઠું લાગ્યું. તેણે આવી બાદશાહ મહમદ બેગડાને વાત કરી: "નેક નામદાર! ભિખારી ભાટની જાત આપનો ગરાસ ખાય છે ને બકાલભાઇના ગુણ ગાય છે. તેને કહે છે કે 'ભલે શાહ બાદશાહ.'

બાદશાહ કહે, "બોલાવો ભાટને." ભાટને બોલાવ્યો. પછી બાદશાહે પૂછ્યું: "અરે! બંબભાટ! બકાલનાં આટલાં બધાં વખાણ કેમ કરે છે: બંબભાટ કહે, "ગરીબ પરવર! એમના બાપદાદાએ બહુ મોટાં કામો કરેલાં છે. મેં જે વખાણ કર્યા છે તે બરાબર છે."

બાદશાહ કહે, "શું શાહ બાદશાહ જેવા છે?" બંબભાટ કહે, "હા ખુદાવિંદ! જેમ દુનિયાને આપ જીવાડી શકો છો તેમ એ પણ જીવાડી શકે છે. તેરશેં પનરે.તરો ભંયકર દુકાળ પડયો તે દિ જગડુશાહે દુનિયાને જીવાડી હતી."

બાદશાહ કહે, "ઠીક જાવ," બંબભાટ ગયો. બાદશાહે મનમાં ગાંઠ વાળી. 'ભાટના વખાણ ખોટા પાડવા,'

(૨)

ગુજરાતમાં ભયંકર દુકાળ પડયો છે. નથી મળતો ઘાસચારો કે નથી મળતાં અન્ન વસ્ત્ર, ઢોરઢાંખર મરવા માંડયા છે. માણસોનાં ટોળાં 'અન્ન અન્ન' કરતાં રખડવા લાગ્યા છે.

બાદશાહે આ જાણ્યું એટલે નક્કી કર્યું કે આ વખતે વાણિયાની પરીક્ષા લેવી એટલે તેણે ભાટને બોલાવ્યો ને કહ્યું: "અબે ભાટ! જો શાહ બાદશાહ હોય તો આખા ગુજરાતને એક વરસ સુધી જીવાડે. નહિતર શાહ કહેનાર ને કહેવડાવનાર બંને ગુન્હેગાર છે."

ભાટ કહે, "નામદાર! કબુલ"

તેણે આવીને ચાંપશી મહેતાને વાત કરી, કે 'બાદશાહ સાથે હોડ થઇ છે. જો ગુજરાતને એક વરસ સુધી જીવાડે તો શાહ ખરા, નહિતર શાહ કહેનાર ને કહેવડાવનાર બંને ગુન્હેગાર છે.' ચાંપશી મહેતા કહે, "એક મહિનાની મુદત માંગ. મહિનાની આખરે મહાજન કાં તો ગુજરાત ને વરસસુધી જીવાડવાનું માથે લેશે; કાં તો શાહ અટક મૂકી દેશે"

ભાટે જઈને મહિનાની મુદત માગી બાદશાહે તે મંજુર રાખી.

(૩)

હવે ચાંપશી મહેતાએ મહાજનને એકઠું કર્યું બધી વાત કહી. મહાજન કહે, "કરો ટીપ" ચાંપાનેરના બધા શેઠિયાઓના નામ ઉતર્યા. એક પછી એક દિવસ ભરાવા લાગ્યા. બધાએ દિવસ ભરાવી રહ્યા ત્યારે ચાર મહિના થયા. હવે બીજા આઠ મહિનાનું શું કરવું? એટલે બીજા ગામ જવા વિચાર કર્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાટણ તે વખતે મોટું શહેર, ત્યાં ઘણા શેઠ શ્રીમંત રહે. ચાંપશી મહેતા તથા બીજા થોડા આગેવાનો પાટણ ચાલ્યા. પાટણના મહાજને તેમની બહુ સરભરા કરી ને મહાજનને ભેગું કરી ટીપ કરી. ત્યાં બે મહિના નોંધાયા. પછી ટીપ કરનારા ચાલ્યા ધોળકા, ધોળકામાં દશ દિવસ નોંધાયા.

આ ટીપ કરતાં વીશ દિવસ તો ચાલ્યા ગયા. ફક્ત દશ દિવસ બાકી રહ્યા. દશ દિવસમાં ધોળકાથી ચાંપાનેર જવું. એટલે મહાજન ઝડપથી ધપું કે જવા નિકળ્યું. રસ્તામાં હડાળા ગામ આવ્યું.

હડાળામાં ખેમો કરીને એક શ્રાવક રહે. તેને ખબર પડી કે ચાંપાનેરનું મહાજન મારી ભાગોળે થઇને જાય છે. એટલે તે દોડતો ગામ બહાર આવ્યો ને હાથ જોડી વિનંતિ કરવા લાગ્યો; "મારી એક વિનંતિ સ્વીકારો." ચાંપશી મહેતા તથા બીજા આ ચિંથરેહાલ વાણિયાને જોઇ મનમાં કચવાયા. 'જ્યાં જઇએ ત્યાં આપણી પાસે માંગનારા તો ખરાજ. આને વળી શું વિનંતિ કરવાની હશે!' તે બોલ્યાઃ "અવસર જોઇને જે માંગવું હોય તે માગો."

ખેમો કહે, "શિરામણી માટે મારે ત્યાં પધારો."

ચાંપશી મહેતાને નિરાત થઇ કે એને કાંઇ મદદ માંગવાની નથી. પછી તેમણે જવાબ આપ્યો કે "ભાઈ! અમારે ઘડીકે રોકાવું પાલવે તેમ નથી. બહુ અગત્યના કામે જવાનું છે." ખેમો કહે, "ગમે તેમ થાય પણ તમારા સ્વામીભાઇનું આંગણું પાવન કરો. બરાબર શિરામણી ટાંણે અહિંથી એમને એમ જવાય નહિ."

સ્વામીભાઇનું નોતરું પાછું ન ઠેલાય. એટલે સહુ શિરામણી માટે ખેમાને ત્યાં ગયા.

ખેમાએ ખાખરા દહીંની શિરામણી કરાવી; એટલે મહાજન કહે, "હવે અમે જઈશું."

ખેમો કહે, "શેઠજી! હવે જમવાને થોડી વાર છે. થોડી વારમાં ગરમ રસોઇ તૈયાર થઇ જશે. માટે આપ જમીને ખુશીથી પધારજો." ખેમાએ તો શીરોપુરી ભજીયાં વગેરે મિષ્ટાન્ન કર્યા ને મહાજનને ખુબ હેતથી જમાડ્યું.

મહાજન જમી ઉઠ્યું એટલે ખેમાએ પૂછ્યુંઃ "આપને શા કામે નિકળવું પડ્યું છે તે જણાવો." "મહાજને બધી વાત કહી. પછી ટીપમાં ખેમાનું નામ લખીને ટીપ એની આગળ ધરી ખેમાએ ટીપમાં પોતાનું નામ વાંચ્યું એટલે રાજી થયો. તેણે કહ્યું: "મારા પિતાને પૂછીને જવાબ આપું."

ખેમો પોતાના ઘરડા પિતા દેદરાણી પાસે ગયો, ત્યાં જઈને બધી વાત કરી. દેદરાણી કહે, "બેટા ધન કોઈની સાથે ગયું નથી ને જશે પણ નહિ. નાણું મળે છે પણ ટાણું મળતું નથી. આતો ઘેર બેઠા ગંગા આવી છે. માટે લેવાય તેટલો લાભ લે." ખેમાએ ટીપમાં ૩૬૦ દિવસ ભરી ટીપ ચાંપશી મહેતાના હાથમાં મૂકી.

આ જોઈ સહુ હેબતાઇ ગયા. ઘડીભર વિચારવા લાગ્યા કે ખેમાને ગાંડપણ તો નથી આવ્યું? ચાંપશી મહેતા કહે, "ખેમા શેઠ! જરા વિચાર કરીને લખો."

ખેમા શેઠ કહે, "બહુ થોડું લખ્યું છે. શેઠજી! કૃપા કરીને એ રહેવા દ્યો." પછી ખેમો મહાજનને પોતાના ઝુંપડા જેવા દેખાતા ઘરની અંદર લઇ ગયો. ત્યાં એક ભોયરૂં હતું તેમાં લઈ ગયો. અને ત્યાં રહેલું ધન બતાવ્યું.

બધા તો મોંમાં આંગળી નાખી જોઇજ રહ્યા. આટલા ધનનો માલિક આવા વેશે? અને આવા ઘરમાં? ધન્ય છે ખેમા! આટ આટલું ધન છતાં તારે નથી જરાએ માન કે નથી જરાએ મોટાઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી બધાએ કહ્યું: "ખેમા શેઠ ! હવે આ કપડાં કાઢી નાખો ને સારા કપડાં પહેરી લ્યો; કારણકે તમારે બાદશાહની આગળ જવાનું છે." ખેમો કહે, "ભલે બાદશાહની આગળ જવાનું હોય ! એમાં ભપકાદાર કપડાં પહેરવાની શી જરૂર છે ? શેઠજી ! અમે તો ગામડીયા આવા પોશાકમાં સારા; અમારે શાલદુશાલાનું કામ નહિં."

ચાંપશી મહેતા કહે, "ખરેખર ! શેઠ તો તમે છો. અમે તો તમારા ગુમાસ્તા છીએ." પછી ખેમા શેઠને પાલખીમાં બેસાડી ચાંપાનેર લીધા. બીજે દિવસે ચાંપશી મહેતા ને મહાજન ખેમા શેઠને લઇને કચેરીમાં ગયા.

ખેમા શેઠે તો એજ ફાટેલ તુટેલ અંગરખું ને ચિંથરીયા પાઘડી બાંધેલી, હાથમાં એક નાની સરખી પોટલી.

ચાંપશી મહેતાએ બાદશાહને કહ્યુ "આ શેઠ ગુજરાતને ૩૬૦ દિવસનું અન્ન મફત આપશે"

બાદશાહ આ મેલાઘેલા વાણિયાને જોઇ આશ્ચર્ય પામ્યો. તેણે પૂછ્યું: "તમારે કેટલા ગામ છે." ગામ છે ?" ખેમો કહે, "નામદાર! મારે બે

બાદશાહ કહે, "કયા કયા ?"

ખેમા શેઠે પોટલી છોડીને માંહિથી પળી પાલી કાઢયા, અને કહ્યું: "એક આ પળી ને બીજી આ પાલી. આ પળીથી થી તેલ વેચીયે છીએ ને આ પાલીથી અનાજ ખરીદીએ છીએ."

બાદશાહ આ જોઇને ખુબ ખુશ થયો. ખેમાના ઘણાં વખાણ કર્યાં.

ખેમશાહે એક વરસ સુધી આખા ગુજરાતને મફત અનાજ વહેંચ્યું. લાખો માણસ ભુખમરાથી મરતા બચી ગયા. ખેમાશાહને આશીર્વાદ આપવા લાગ્યા.

ધન્ય છે ખેમાની ઉદાર સખાવતને !

ગુજરાત હિમેખીમે દુકાળમાંથી ઉગર્યો એટલે ખેમાશાહે શત્રુંજયની યાત્રા કરી. પછી પવિત્ર જીવન ગાળી પોતાનું આયુષ્ય પુરૂં કર્યું. આ દાનવીરના વખતથી એક કહેવત ચાલતી આવે છે કે 'એક શાહ વાણિયો ને બીજો શાહ બાદશાહ.'

ભારતવર્ષમાં આવા અનેક ખેમા દેદરાણીઓ થાવ શિવમસ્તુ સર્વ જગત: ॥

લે. ધીરજલાલ ટોકરશી શાહ

## ]०[ નીતી કયાં છે ]०[

**Honesty is The BEST POLICY** તે પણ ફક્ત લેટર ઉપર જ ને ?

નીતિમાન બનીએ તો શાખા આબરૂ વધે અને આવક પણ સારી એવી વધે, આવી ભાવનાથી નિતિ પાળનાર વ્યક્તિ ખરેખર નીતિમાન છે ? ના તે આબરૂ અને પૈસાનો પુજારી છે કારણ કે તેનું ધ્યેય ખોટું છે.

તક સાંપડતા નીતિ ચૂકવાથી પાંચ પચાસ લાખની આવક થઈ જાય તો નીતિને એક કોર મુકતાં એને વાર નહીં લાગે.

એને એવોજ વિચાર આવશે કે 'હાલ અવસર તક સાંપડી છે તો પૈસા કમાઇ લ્યો. પછી તેમાંથી કાંઈક દાન પુન્ય કરશું એટલે પાપ ધોવાઈ જશે' આવા માણસો અવસર પર ધર્મ અને નીતિ બન્નેને કલંકીત કરે છે. પણ દિપાવી શકતા નથી.

## (०) દાનને દુષણ–ભુષણ (०)

દાનને દુષિત કરનાર પાંચ તત્ત્વો છે. દેતાં અનાદર, દેવામાં વિલંબ, દેતી વખતે તિરસ્કાર, દાન દેતાં અભીમાન અને દીધા પછી પશ્ચાત્તાપ. આ પાંચ એવા કાળા કુચડા છે જે દુધ જેવી ઉજવળ દાન ક્રિયાને કાળી મેશ બનાવી દે છે.

આથી વીપરીત દાનને ભૂષિત કરનાર અને અદોષિત કરનાર પણ પાંચ તત્ત્વો છે, દાન કરતી વખતે આદર અવીલંબ, અતિરસ્કાર, નમ્રતા અને દાન દિધા પછી અનુમોદના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર–કૃષ્ણનગરમાં ચાતુર્માસ બિરાજમાન પ૦પૂ૦ આચાર્ય ભગવંતશ્રી વિજયરૂચકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની નીશ્રામાં થયેલ અનુપમ:અને અનુમોદનીય આરાધનાઓ–અનુષ્ઠાનો.

અષાઢ સુદિ ૨ : પૂ. પા: આ.શ્રી વિજયરૂચકચંદ્રસૂરિજી મ. સા. નો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય સામૈયા સાથે થયેલ જેમાં નવકારમંત્રના ૬૮ અક્ષરોને અનુસરીને ૬૮ સુશોભીત માટલા, નાના બાળકોની સુશોભિત ૨૫ ધ્વજાઓ, ૬૮ નાની બાળાઓ માથે હાંડી-શ્રીફળ, બગી તથા હજારો માણસો તેમ જ ગામગામના સંઘના ભાઈ-બહેનો જોડાયા, આ પ્રસંગે મટકી, ધ્વજા, વિની હરિફાઇ અને ઇનામો આપવામાં આવેલ ત્યારબાદ નૂતન નિર્મિત ઉપાશ્રયનું ઉદ્ઘાટન કરવામાં આવેલ. નૂતન નિમિત ઉપાશ્રયમાં પૂ આચાર્યભગવંતનું માંગલિક પ્રવચન, ૧૧/- રૂા. નું સંઘ• પૂજન, લાડુની પ્રભાવના તથા શ્રી કૃષ્ણનગર સોસાયટીનું સ્વામિવાત્સલ્ય થયેલ. આ જ દિવસે પૂ. આચાર્ય મહારાજના પ્રવેશ નિમિત્તે આયંબિલ શેઠશ્રી માવજી વશરામ ટાણાવાળા તરફથી કરાવવામાં આવેલ, જેમાં આયંબિલના ૧૦૮ આરાધકોને રૂા. ૩૯/- ની પ્રભાવના થયેલ આ નૂતન ઉપાશ્રયનાં ઉદ્ઘાટન નિમિત્તે શાંતિસ્નાત્ર તથા સિદ્ધચક્ર પૂજન સહ અષ્ટાન્હિકા મહોત્સવ થયેલ. તે દરમ્યાન બાળકોનો સાંસ્કૃતિક મેળાવડો, વેશભૂષા, કવીઝ વિ. પણ રાખવામાં આવેલ.

અષાઢ સુદ ૮ . તા ૭ ૭-૯૨ મંગળવારે આયંબિલ શેઠશ્રી શાંતિલાલ ભગવાનદાસ અણિડાવાળા તરફથી કરાવવામાં આવેલ જેમાં ૧૪૧ આયંબિલ થયેલ. દરેકને રૂા. ૩/- ની ભાવના કરવામાં આવેલ.

અષાઢ સુદ ૧૦ : તા. ૯-૭-૯૨ ગુરૂવારના પૂ. પા. આ શ્રી વિવયરૂચકચંદ્રસૂરિ મ. સા.નાં ૬૫ માં વર્ષમાં મંગલ પ્રવેસ નિમિત્તે એક સદ્ગૃહસ્થ તરફથી એકાસણાં કરાવવામાં આવેલ. ૫૦૦ એકાસણાં થયેલ, અને વ્યાખ્યાનમાં રૂા. ૬/- નું સંઘપૂજન થયેલ તેમજ વિવિધ ડેકોરેશનથી સુશોભિત ૬૫ ગહુંલીની ઇનામિ સ્પર્ધા પણ રાખેલ હતી.

અષાઢ સુદ ૧૪ નાં શેઠશ્રી મનુભાઇ પ્રભુદાસભાઇ તરફથી આંયબિલ કરાવવામાં આવેલ.

અષાઢ વદ ૪ : તા. ૧૯-૭ ૯૨ રવિવારના શેઠશ્રી અનોપચંદ માનચંદ શાહ તરફથી ૫૦૦ એકાસણા સાથે નવલાખ નવકારમંત્રનો જાપ તથા આરાધકોને ચાંદીની વાટકીની પ્રભાવના કરેલ હતી.

અષાઢ વદ ૮ : તા. ૨૩-૭-૯૨ ગુરૂવારનાં મગનાં (એકધાનનાં) આયંબિલ શેઠશ્રી જશવંતભાઇ પ્રેમચંદભાઇ વાસણવાળા તરફથી ૧૨૫ આયંબિલ અને રૂા ૨/- ની પ્રભાવના થયેલ.

- અષાઢ વદ ૧૧ : તા. ૨૬–૭–૯૨ રવિવારનાં શેઠશ્રી પ્રભુદાસ રતીલાલ આરતીવાળા તરફથી ૪૦૦ ની સંખ્યામાં સિદ્ધપદની આરાધનાનાં એકાસણાં અને રૂા. ૨/– પ્રભાવના થયેલ.

- અષાઢ વદ ૧૪ : તા. ૨૮ ૭–૯૨ મંગળવાર શાહ બાબુલાલ જાદવજી તરફથી ૧૨૫ આયંબિલ અને રૂા. ૭/– ની પ્રભાવના થયેલ જેમાં સાધુપદની આરાધના કરાવેલ હતી.

- શ્રાવણ સુદ ૧ : તા. ૩૦-૭-૯૨ ગુરૂવારના શાહ શાંતીલાલ રતનચંદ તથા મુકુંદભાઇ રતનચંદ તરફથી શ્રી ભગવતીસૂત્રના વાંચનની શરૂઆત નિમિત્તે ૬૩ આયંબિલ અને રૂા. ૩/– ની પ્રભાવના થયેલ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

- શ્રી ભગવતિસૂત્ર વહોરાવવાનું ઘી ૭૧૧૧) રૂા. શેઠશ્રી વૃજલાલ હઠીચંદ જેસરવાળાએ લાભ લીધેલ તેઓએ ભગવતીસૂત્ર વરઘોડા સહીત વાજતે ગાજતે બગીમાં ફેરવી પૂ. આ. ભગવંતને વ્હોરાવેલ.
- શ્રાવણ સુદ ૪-૫-૭ ના સમૂહ અઠ્ઠમ તપની આરાધના જેમાં પ્રથમ વખત ૧૦૮ પાર્શ્વનાથના જાપ પૂર્વક આરાધના થયેલ. તેના અત્તરવાયણા શેઠશ્રી વૃજલાલ હઠીચંદ જેસરવાળા તરફથી અને પારણાં શેઠશ્રી દલીચંદ ગુલાબચંદ શીહોરવાળા તરફથી થયેલ. ૨૧૨ અઠ્ઠમ થયેલ દરેકને રૂા. ૧૦૮/– ની પ્રભાવના કરેલ હતી,
- શ્રાવણ વદ ૧–૨ : શ્રી મહાવીરસ્વામિ ભ. કરેલ ૨૨૯ છઠ્ઠની આરાધના જેમાં ૨૪૩ આરાધકોએ લાભ લીધેલ. તેના અત્તરવાયણા તેમજ પારણાં શેઠશ્રી શાંતીલાલ ભગવાનદાસ અણિઙાવાળા તરફથી તથા તેમના તરફથી કટાસણાની અને બીજા ભાઇઓ તરફથી કુલ રૂા. ૩૫/– ની પ્રભાવના થયેલ.
- શ્રાવણ વદ ૭ ના શ્રી અક્ષયનિધિ તપ કરનાર ૬૦ બાલિકાઓને શા. દુર્લભદાસ ઝવેરચંદ તરફથી એકાસણાં તથા લ ચઓકસ અને રૂા. ૧/– ની પ્રભાવના થયેલ.
- શ્રાવણ વદ ૮ ના શેઠશ્રી માવજીભાઇ વશરામભાઇ તરફથી સમૂહ એકાસણાં ૪૧૫ ની સંખ્યામાં થયેલ તેમાં અક્ષયનિધિ કરનાર બાલિકાઓને વોટરબેગ તેમના તરફથી આપવામાં આવેલ. આ સિવાય સ્ટીલની વાઢકી શાંતીલાલ ભગવાનદાસ અણિઙાવાળા તરફથી અને સ્ટીલની ડીસ જાળિયાવાળા તરફથી આપવામાં આવેલ.
- આ સામુદાયિક તપાગધના ઉપરાંત કૃષ્ણનગરમા ૩૮ બહેનોએ સિદ્ધિવધૂ કંઠાભરણ તપની આરાધના કરેલ છે.
- પર્યુષણ દરમ્યાન થયેલી તપશ્ચર્યા :– ૧ શ્રેણિતપ, ૩ માસક્ષમણ, ૧ પંદર ઉપવાસ, ૨ અગ્યાર ઉપવાસ, ૫ નવ ઉપવાસ, ૬૮ અઠ્ઠાઇ અને છઠ્ઠ તથા અઠ્ઠમ સારી સંખ્યામાં થયાં હતાં. ચોસઠ પ્રહરી પૌષધ પણ થયેલા. આ નિમિત્તે સમગ્ર ભાવનગરમાં થયેલ શ્રેણીતપ તથા માસક્ષમણના આરાધકોને સોનાની વીંટી એક સદ્‌ગૃહસ્થ તરફથી આપવામાં આવેલ. કૃષ્ણનગરમાં અઠ્ઠાઈ અને તેનાથી વધુ તપસ્યા કરનાર દરેકને રૂા. ૨૨૫/ કૃષ્ણનગર સંઘ તરફથી. ચરવળો શેઠ રમણિકલાલ લવજીભાઈ તરફથી, ચાંદીની દીવીનાસાથે રૂા. ૨/– ની પ્રભાવના શેઠ ચીમનલાલ જીવરાજભાઈ તરફથી, રૂા ૨૧/– શેઠ વૃજલાલ હઠીચંદ તરફથી સા. તીર્થપ્રજ્ઞાશ્રીજીની અઠ્ઠાઈ નિમિત્તે કરવામાં આવેલ.

ચાતુર્માસ પ્રારંભથી સાંકળી અઠ્ઠમની આરાધના ચાલુ છે જેમાં રૂા ૨૬૧/- ની પ્રભાવના, સાકરનો પડો તથા શ્રીફળથી દરેક આરાધકોનું બહુમાન થાય છે.

તદ્‌ઉપરાંત પાઠશાળાના બાળકોની જ્ઞાનસ્પર્ધા, બહેનોમાં પણ બપોરે પૂ. સાધ્વીજી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ નું વ્યાખ્યાન, તેમાં વિવિધ સ્પર્ધા, જ્ઞાન-કસોટી આદિ આયોજનો તથા પરિક્ષા–ઇનામો વિગેરે પણ ખૂબજ અનુમોદનિય રીતે થઇ રહેલ છે.

કૃષ્ણનગર સોસાયટીમાં થયેલ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે અઢાર અભિષેક સહ અષ્ટાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ છે. તથા બે સ્વામીવાત્સલ્ય થયેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ મા ચા ર

## પર્વાધિરાજ પર્યુષણ પર્વની થયેલ સુંદર આરાધના

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ: તપા સંઘમાં ગચ્છાધિપતિ પૂ, આ. ભ શ્રી વિજયમેરુપ્રભ-સૂરીશ્વરજી મ. સા, આદિ પૂજ્યવર્યોના આશીર્વાદ કૃપા એવં શુભ નિશ્રામાં શ્રી પર્યુષણાપર્વની ભિન્ન ભિન્ન સ્થળોએ રૂડી રીતે શાનદાર એવં શાસન પ્રભાવનાપૂર્વક થયેલ.

(૧) દાદાસાહેબ : પૂ૦ આ૦ ભ૦ શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ સા૦ પૂ૦ પં૦ શ્રી માનતુંગવિજયજી ગણિ પૂ૦ પં૦ શ્રી ઇન્દ્રસેનવિજયજી ગણિ.

(૨) કૃષ્ણનગર : પૂ૦ આ૦ ભ૦ શ્રી રુચકચંદ્રસૂરીશ્વરજી મ૦ સા૦ (ચાતુર્માસ)

(૩) પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયમેરુપ્રભસૂરિશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી.

નૂતન ઉપાશ્રય : પૂ૦પં૦ શ્રી સિંહસેન વિ૦ ગણિ. આદિ (૪) ગોડિજી પૂ૦મુનિશ્રી હર્ષસેન વિ૦મ૦ સા૦ આદિ (૫) શાસ્ત્રીનગર : પૂ૦ મુનિશ્રી હિતવર્ધન વિ૦ મ૦સા૦ આદિ તેમજ પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં વડવા : પૂ૦ પં માનતુંગ વિ૦ ગણિ. પૂ૦ મુનિશ્રી મુક્તિસેન વિ૦ મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી વિશ્વસેન વિ૦ મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી મલયસેન વિ૦ મ૦સા૦ આદિ.

વિદ્યાનગર : પૂ૦ મુનિશ્રી મતિસેન વિ૦ મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી લલિતસેન વિ૦ મ૦સા૦ તેમજ નૂતન ઉપાશ્રય-ગોડીજી તથા શાસ્ત્રીનગરમાં અનુક્રમે પૂ૦ મુનિશ્રી સુવ્રતસેન વિ૦ મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી નિર્મળસેન વિ૦ મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી હિરણ્યસેન વિ૦ મ૦ સા૦ આદિએ વ્યાખ્યાન-આરાધનાદિ કરાવેલ.

હરેક સ્થાનોમાં જ્ઞાન-દ્રવ્ય ( સૂત્ર ઉછામણી ) આદિ સુંદર થયેલ. પૂજ્યપાદશ્રીની નિશ્રામાં દાદાસાહેબ દેવ-દ્રવ્યાદિની ઉપજ, સાધર્મિકના ઉદ્ધાર માટે સારું ફંડ થયેલ. પૂજ્ય પાદશ્રીના આશીર્વાદ એવં નિશ્રામાં સામુદાયિક શ્રી સિદ્ધિવધૂ કંઠાભરણતપ થયેલ. જેમાં ૨૯૩ આરાધકો જોડાયેલ જુદા જુદા મહાનુભાવો તરફથી બિયાસણાની ભક્તિ થયેલ. પ્રભુજીને સુંદર સોનાનો હાર આસો સુદિ ૧૫ ના વાજતે ગાજતે શાનદાર રીતે ચઢાવવામાં આવશે જેનો આદેશ વિનુભાઇ શાંત પ્લાસ્ટીકવાળાએ લીધેલ છે. આરાધકો તથા અન્ય ગૃહસ્થો તરફથી સોનુ રોકડ ચાંદીના સિક્કા આદિ ખૂબ જ સારું પ્રાપ્ત થયેલ. આદાધકોને સામુદાયિક પ્રભાવના માટે ફંડ કરતા સારો આવકાર મળેલ.

શ્રી સંઘમાં નાની-મોટી કુલ તપશ્ચર્યામાં ૧૨૨૯ તપસ્વીઓ જોડાયેલ. પૂ૦ સાધ્વીજીમાં ૩૧-ઉપ.-૧, ૨૦ ઉપ -૧, સિદ્ધિતપ ૧, ભદ્રતપ-૪, અઠ્ઠાઇ-૧, કંઠાભરણતપ-૫, તેમજ શ્રાવકવર્ગમાં ૩૧ ઉપ. ૧, માસક્ષમણ-૧૦, ૨૧ ઉપ. ૪, ૧૫ ઉપ.-૧૮, અઠ્ઠાઇ-૨૦૪, સિદ્ધિતપ ૪, શ્રેણી-તપ-૧, સમવસરણ-૧, વર્ષીતપ-૧૭, ૬૪ પ્રહર પૌષધ ૧૬૫, અક્ષયનિધિ ૨૬૫, જે પૈકી પાંચ

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુંસંધાન પેજ ૨૮ નું ચાલુ )

ઉપવાસ તથા તેથી ઉપરના, સિદ્ધિતપ, શ્રેણિતપ, વર્ષીતપ-કંઠાભરણના પારણા શ્રી ડાહ્યાલાલ જગજીવનદાસ તણસાવાળા તથા શ્રી હલીચંદ ગુલાબચંદ ભાણજીભાઈ શીહોરવાળા તરફથી થયેલ.

૪-૩ ઉપવાસ, ૬૪ પ્રહાર પોષધ, અક્ષયનિધિ તપના પારણા શ્રીમતી જયમતિબહેન પ્રભુદાસ શાહ વિદ્યાનગરવાળા હ: કીરીટભાઇ પી. શાહ તરફથી થયેલ.

સકળ સંઘનું સ્વામીવાત્સલ્ય શ્રીમતી હીરાબેન રતિલાલ ગિરધરલાલ શાહ ( જે. બી. ગૃપ ) પરિવાર તરફથી થયેલ.

વિશેષમાં નૂતન ઉંપાશ્રયે બાલમુનિ શ્રી સુવ્રતસેનવિજયજીના ઉપદેશથી ૫ થી ૧૨ વર્ષના ૫૬ બાળકો સહીત ૮૩ ની વિપુલ સંખ્યામાં ૬૪ પ્રહરી પૌષધ થયેલ અને તેમને પ્રભાવના રૂપે ચાંદીની લગડી, ૫૪ રૂા. શ્રીફળ વિગેરે પ્રભાવના થયેલ.

જિન-શાસનના પાયામાં છે જ્ઞાન.. ભાવનગરના ગૌરવસમી ૧૦૦ વર્ષ જુની શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન વિદ્યાશાળાનો બાળક શાહ સમીર દેવેન્દ્રભાઇ ઉં. વ. ૮ સવંત્સરીને દિવસે અતીચાર બોલ્યો હતો. તેને પણ સારૂ ઇનામ મળેલ.

# શ્રી જૈન આત્માનંદ સભા તરફથી

## પારિતોષિક મેળવાનાર વિદ્યાર્થીઓને અભિનંદન

સંસ્કૃત વિષય એસ. એસ. સી. પરીક્ષામાં જૈન વિદ્યાર્થી ભાઈ-બહેનને સારા ગુણ મેળવવા બદલ પારીતોષિક સહ અભિનંદન સહ સંસ્કૃત વિષયાં વિશેષ પ્રગતી કરે તેવી શુભેચ્છા.

| ક્રમ | નામ | ઇનામ રૂા. | માર્કસ |
|---|---|---|---|
| ૧ | શ્રી દેવાંગ ધીરજલાલ સંઘવી | ૧૦૧ | ૯૧ |
| ૨ | શ્રી શ્રેણિક જીતેન્દ્રભાઇ વોરા | ૮૧ | ૮૮ |
| ૩ | શ્રી ચીરાગ મહાસુખરાય મહેતા | ૭૧ | ૮૬ |
| ૪ | શ્રી જલ્પાબેન પીયુષભાઇ પરીખ | ૫૧ | ૮૩ |
| ૫ | શ્રી કવીતાબેન ચંદુલાલ શાહ | ૫૧ | ૮૩ |
| ૬ | શ્રી દેવાંગ રમણીકલાલ શાહ | ૫૧ | ૮૩ |
| ૭ | શ્રી શ્વેતુ પ્રવીણચન્દ્ર શાહ | ૫૧ | ૮૨ |
| ૮ | શ્રી નેહલ નરેન્દ્રભાઇ શાહ | ૫૧ | ૮૧ |
| ૯ | શ્રી અનિષાબેન ચંન્દ્રકાન્ત ગાંધી | ૫૧ | ૮૧ |
| ૧૦ | શ્રી ભાવિન ધીરજલાલ લાખાણી | ૫૧ | ૮૧ |
| ૧૧ | શ્રી ભાવેશ ભરતભાઇ શાહ | ૫૧ | ૮૦ |
| ૧૨ | શ્રી સેજલબેન શાન્તિલાલ જસાણી | ૫૧ | ૮૦ |

કુલ રૂા. ૭૧૨

For Private And Personal Use Only

जो उवसमई तस्स अत्थि आराहणा,
जो न उवसमइ तस्स नत्थि आराहणा ।

જે ખમાવે છે તે આરાધક છે.
જે ખમાવતા નથી તે વિરાધક છે.

પ્રભુ મહાવીરની ક્ષમા-કરુણા-પ્રેમ-અનુકંપા સમગ્ર વિશ્વ માટે વરદાનરૂપ અને માર્ગદર્શનીય બની ગયા છે. પ્રચંડ ક્રોધી ચંડકૌશિકને વાત્સલ્ય અને કરુણાથી આત્મસાત કર્યો તેમજ તેજોદ્વેષી સુરાધમ સંગમદેવે પ્રભુ ઉપર અતિ દારુણ ઉપસર્ગોનો પ્રયોગ કરવા છતાં ભગવાન તલમાત્ર ક્ષુબ્ધ ન થયા અને સંગમદેવને પ્રેમથી વશ કર્યો.

શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે, "જે ક્ષમાધર્મને આચરે છે તે જ સાચો મોક્ષમાર્ગનો આરાધક છે." ક્ષમા એ તો જૈનત્વનો મુખ્ય આદર્શ છે. રાગ અને દ્વેષને સંપૂર્ણપણે જીતી લે તેનું જ નામ જિન અને એવા જિનનો અનુયાયી તે જ સાચો જૈન.

સંવત્સરી મહાપર્વના આ પૂણ્ય અવસરે, પ્રત્યેક સાચો જૈન ક્રોધને નમ્રતામાં, માયાને વીતરાગમાં અને લોભને સંતોષમાં પરિવર્તિત કરવાનો સંકલ્પ કરી, ક્ષમાપનાના દિવ્ય માર્ગે જૈનત્વનો સાક્ષાત્કર પામે એજ અભ્યર્થના સાથે, સર્વને અંતકરણપૂર્વક

મિચ્છામિ દુક્કડમ્

BOOK POST

प्रति,

From,
શ્રી જૈન આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખાર ગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.